બોર્ડ-નિગમના કર્મચારીઓના એરીયર્સનું ગ્રહણ ક્યારે દુર થશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજયના બોર્ડ-નિગમ અને સરકારી સાહસો પૈકી ૫૫ બોર્ડ નિગમના કર્મચારીઓને ૭માં પગારપંચનો લાભ આપવામાં આવ્યો છે. તેમ છતા બોર્ડ નિગમના કર્મચારીઓને ૧૯ માસના એરીયર્સની રકમ આજદિન સુધી ચુકવાઈ નથી. કર્મચારીઓના એરીયર્સની રકમ ચુકવવામાં રાજય સરકારને ક્યો ગ્રહ નડી રહ્યો છે તે કર્મચારીઓને સમજાતું નથી. જો સરકાર દ્વારા એરીયર્સની રકમ સત્વરે નહીં ચુકવવામાં આવે તો આગામી લોકસભાની ચુંટણી સમયે વિરોધાત્મક પગલા કર્મચારીઓ દ્વારા ભરવામાં આવશે તેમ કર્મચારી મહામંડળ દ્વારા જણાવાયું છે.

ગુજરાતના બોર્ડ નિગમ અને સરકારી જાહેર સાહસોના કર્મચારીઓનો પગાર લાભ તા. ૧-૧-૧૬ થી તા.૩૧-૭-૧૭ના ૧૯ માસના પગાર એરીયર્સ સબંધી તફાવતની રકમ તેમજ અન્ય ભથ્થાઓ ચુકવવા માટે રાજય સરકારના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરવા છતા આજદિન સુધી ઉકેલ આવ્યો નથી.વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા કર્મચારીઓની માંગણી સરકારી તંત્રના બહેરાકાને અથડાઈ પાછી ફરે છે. ત્યારે કર્મચારીઓના એરીયર્સની રકમ નહીં ચુકવવામાં આવે તો વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૯ની કામગીરીથી અળગા રહેશે. તેમ છતા જો સરકાર એરીયર્સના રૂપીયા નહીં ચુકવે તો કર્મચારીઓ લોકસભાની ચુંટણીમાં વિરોધ નોંધાવશે.

બોર્ડ નિગમના કર્મચારીઓ સામે સરકાર બેવડી નિતી અપનાવતા હોય તેમ લાગી રહ્યું છે. સરકારને ક્યો ગ્રહ બોર્ડ નિગમના કર્મચારીઓના એરીયર્સની રકમ ચુકવણીમાં નડી રહ્યો છે તે કોઈને ખબર પડતી નથી. ત્યારે કર્મચારીઓના પગાર ભથ્થા અને એરીયર્સની રકમની સત્વરે ચુકવણી કરવામાં આવે તેની રાહ જોઈને કર્મચારીઓ બેઠા છે.

ચિલોડા શ્રમિક વસાહત ખાતે લીગલ લિટરસી ડે ની ઉજવણી કરાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના વોર્ડ નં.૬ બંગડી કારીગર શ્રમિક વસાહતમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા લીગલ લીટરસી ડે અને બાળદિન નિમિતે ડોર-ટુ-ડોર કેમ્પેઈન યોજવામાં આવ્યું હતું.આ પ્રસંગે બાળકો સાથે ગોષ્ટી કરવામાં આવી હતી. જયારે વસાહતના રહીશોના ઘરે બિસ્કીટ તેમજ પત્રિકાનું વિતરણ ગામના સરપંચ દિનેશભાઈ જી પટેલ, ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાના ભગાભાઈ ઠાકોર, રવિ પી ઠાકોર, વસાહતની અગ્રણી દેવાભાઈ સહિત પીએલવી નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજ્જર, રામભાઈ પરમાર, સુધીર દેસાઈ, મનસુખભાઈ કોટેચા, વગેરે ઉપસ્થિત રહીને લીગલ માર્ગદર્શન અને સલાહ સુચનો આપ્યા હતા.

રાષ્ટ્રીય કક્ષાની સ્કૂલ ગેમ ફેન્સિંગમાં ગુજરાતનો સ્કોર સાત મેડલ્સે પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૫

રાષ્ટ્રીયકક્ષાની ૬૪મી સ્કૂલ ગેમ નેસનલ ફેન્સીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૮-૧૯ તા. ૧૩ થી ૧૭ નવેમ્બર દરમ્યાન ઈન્ફાલ, મણીપુર ખાતે અં.૧૪ અને અં.૧૭ વય જુથના ભાઈઓ-બહેનો માટે રમાઈ રહી છે. જેમાં ૧૫-૧૧-૨૦૧૮ સાંજ સુધીમાં ગુજરાતે ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

ગુજરાત તરફથી ઐતિહાસિક પ્રદર્શન કરતા ધર્મરાજસિંહ, ધ્રુવ, હર્ષદીપ અને જયદીપે ૧૪ વર્ષથી નીચેના ભાઈઓના વય જુથમાં સેબર ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતે ફેન્સીંગ રમતમાં પ્રથમવાર શાળાકીય સ્પર્ધાઓમાં ગોલ્ડમેડલ મેળવેલ છે. જ્યારે ફોઈલ ટીમ ઈવેન્ટમાં મનદીપસિંહ, સુનિલ, ધવલ અને યશપાલસિંહે બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. અં. ૧૪ બહેનોમાં રીતુ, રીંકુ, માહી પટેલ અને માહી પ્રજાપતીએ સેબર ટીમમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. તેમજ સેબર વ્યક્તિગત ઈવેન્ટમાં રીતુ પ્રજાપતીએ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

અં-૧૭ વય જુથમાં બહેનોના વિભાગમાં આશા, મૈત્રી, જીનલ અને પ્રિયંકાકુમારીએ સેબર ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. જ્યારે ભાઈઓમાં અજયસિંહ ગોહિલ, હર્ષવર્ધનસિંહ, કરણ અને છત્રપાલસિંહે ઈપી ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. જ્યારે ચુડાસમા અજયસિંહે ફોઈલ વ્યક્તિગત ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવેલ છે. આ સાથે સેબર ઈવેન્ટમાં ગુજરાતે શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં ૧ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

અસલાલીથી એકતા યાત્રાના બીજા તબક્કાનો પ્રારંભ

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે સરદાર પટેલે તેમની કુનેહ અને દીર્ઘદ્રષ્ટીથી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતુ. સરદાર પટેલના આદર્શો અને એકતા – અખંડિતતા નો ભાવ જન-જન સુધી પહોંચે તે જરૂરી છે.

જ્ઞાતી-જાતિ-ધર્મ-સંપ્રદાય-ભાષા-પ્રાંતથી ઉપર ઉઠીને અનેકતામાં એકતાનું સૂત્ર સાર્થક કરીએ એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આજે અમદાવાદ જિલ્લાનાં અસલાલીથી એકતા રથ યાત્રાના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો.

૨૦ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર દરમ્યાન પ્રથમ તબક્કામાં ૫૯ એકતા રથોએ ૩૩ જિલ્લાના ૧૭૧ તાલુકામાં સરદાર સંદેશ સાથે ભ્રમણ કર્યું હતુ. ૧૬ લાખ થી વધુ લોકો આ યાત્રામાં જોડાયા અને રાષ્ટ્રની એકતા માટેના સામૂહિક શપથ લીધા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સરદાર પટેલે ૫૬૨ રજવાડાઓને એક કરીને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, દેશની એકતાના ભોગે કંઈ નહીનો સંકલ્પ લઈએ. રાષ્ટ્રહિતને સર્વોપરી બનાવી ભારત માતાના ઉત્કર્ષ માટે જીવવાનો અને એકતાનો ભાવ જન-જનમાં જગાવવા માટે આ એકતા યાત્રાનું આયોજન કરાયું છે.

તેમણે ઉમેર્યું કે, ભાવિ પેઢી પણ સરદાર પટેલના આદર્શોમાંથી પ્રેરણા લે અને ભારતવાસીઓ એકતા-અખંડિતતા માટે કટિબધ્ધ બને તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરાયું છે. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાની સૌએ નોંધ લીધી છે એમ તેમણે ઉમેર્યું હતુ. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, જો સરદાર પટેલ ન હોત તો ? આજે આપણે સોમનાથના દર્શન કરવા કે જૂનાગઢના સિંહ જોવા પણ વિઝા લેવા પડત. પણ સરદાર પટેલની કુનેહના કારણે આપણે જૂનાગઢ – સોમનાથ કે દેશ આખામાં વિહાર કરી શકીએ છીએ.

સરદાર પટેલે સોમનાથ મંદિરનો જિર્ણોધ્ધાર કરીને ભારતીય સંસ્કૃતિ – વિરાસતને પુર્નજીવિત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, દેશ માટે સમર્પિત થનારા મહાપુરુષોનું સમર્પણ દેશની ભાવિ પેઢી જાણે તે જરૂરી છે. ગાંધીજી – સરદાર પટેલ, ડૉ. આંબેડકર, વિર સાવરકર, ડૉ. શ્યામજી કૃષ્ણ વર્મા જેવા રાષ્ટ્ર પુરૂષોના ત્યાગ – બલિદાન- સમર્પણને ઈરાદાપૂર્વક વિસારે પાડવાના કે હાંસિયામાં ધકેલવાના પ્રયાસો કદી સફળ થવા નહી દઈએ તેવો દ્રઢ નિર્ધાર અમારી સરકારે કર્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે, આજે રોજ ૨૫ હજારથી વધુ મુલાકાતીઓ તેની મુલાકાતે આવે છે. આ પ્રવાસીઓની મુલાકાત સમયે વ્યવસ્થા સચવાય તે માટે રાજ્ય સરકારે અનેક નિર્ણયો કર્યા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી એ એક અર્થમાં તીર્થ યાત્રા બને અને જન-જનમાં એકતા –અખંડિતતાનો ભાવ સુદ્રઢ બને તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે.

પલોડિયા ગામમાં વરલી-મટકાના અડ્ડા પર એલસીબીનો દરોડો

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની ટીમે બાતમીના આધારે ગઈકાલે કલોલ તાલુકાના પલોડિયા ગામમાં દરોડો પાડયો હતો. એસીબીની એક ટીમ સાંતેજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ વિપુલભાઈને બાતમી મળી હતી કે પલોડિયા ગામે ગરનાળા નજીક વરલી-મટકાનો જુગાર રમાઇ રહ્યો છે. આ બાતમી આધારે પલોડિયા ગામમાં એલસીબીની ટીમે દરોડો પાડીને વરલી મટકાનો જુગાર રમાડી રહેલા સુરેશ રમેશ ઠાકોરને દબોચી લીધો છે. એલસીબીની ટીમે સુરેશ ઠાકોર પાસેથી રૂ.૨૧,૭૦૦ રોકડ તથા મોબાઈલ મળી કુલ રૂ.૨૬,૭૫૪ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

આજે મુખ્યમંત્રી દિલ્હીમાં, વાયબ્રન્ટ ગ્લોબલ સમિટની વિશેષતાઓ અંગે રોડ-શૉ

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ શુક્રવાર તા. ૧૬ નવેમ્બર-૨૦૧૮એ નવી દિલ્હીની હોટલ તાજ પેલેસમાં સવારે ૯ થી ૧ દરમ્યાન ઊદ્યોગ-વેપાર જગતના વરિષ્ઠ સંચાલકો-અગ્રણીઓ સાથે વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ સંદર્ભે બેઠકો યોજશે.

વિજયભાઇ રૂપાણી આગામી વાયબ્રન્ટ સમિટની વિશેષતાઓ સાથો સાથ ગુજરાતની વૈશ્વિક ફલક પર વિકસી રહેલી બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશનની પ્રતિભા સંદર્ભમાં આ ઊદ્યોગ-વેપાર અગ્રણીઓ સમક્ષ વિશદ વિચાર-વિમર્શ, રોડ-શૉ અને વન-ટુ-વન બેઠકમાં કરવાના છે.

મુખ્યમંત્રી વિવિધ રાષ્ટ્રોના નવી દિલ્હી સ્થિત રાજદૂતો-ડિપ્લોમેટ્સને પણ શુક્રવારે સાંજે મળશે અને વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૧૯ વિષયક પ્રસ્તુતિ કર્ટન રેઈઝર તહેત કરશે.

આ બેઠકોમાં ભારત સરકારના વિદેશ, ઊદ્યોગ તથા અન્ય મંત્રાલયોના વરિષ્ઠ સચિવો મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, અગ્ર સચિવ એમ. કે. દાસ, સચિવ અશ્વિનીકુમાર, ઊદ્યોગ કમિશનર શ્રીમતી મમતા વર્મા અને ગુજરાત સરકારના સંબંધિત ઉચ્ચ અધિકારીઓ પણ જોડાશે. મુખ્યમંત્રી શુક્રવારે મોડી રાત્રે ગાંધીનગર પરત આવશે.

ગાંધીનગર આઈઆઈટી ખાતે આજથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ વિષય પર બે દિવસીય કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરની આઈઆઈટી ખાતે તા. ૧૬મી નવેમ્બરથી બે દિવસીય રાષ્ટ્રીયકક્ષાની કોન્ફરન્સનો પ્રારંભ થઈ રહ્યો છે. આ કોન્ફરન્સનો હેતુ ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટ અંગે ચર્ચા કરવાનો છે જેમાં મુખ્ય ઉદ્ઘાટક પદે અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટના મેનેજીંગ ડિરેક્ટર આઈ.પી. ગૌતમ ઉપસ્થિત રહેશે.

આઈઆઈટી-જી ખાતે યોજાનાર બે દિવસીય ડીએફઆઈ ઈન્ડિયા કોન્ફરન્સમાં ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. કોન્ફરન્સમાં પાણી પુરવઠા અને કલ્પસાર વિભાગના મુખ્ય ઈજનેર વિવેક કાપડિયા, જર્મનીની ટેકનિસ્યે યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. આઈંગ રોલ્ફ કેટજેનબેક, રેલવેના સુબોધ જૈન, કોલિન ગૃપના જેમ્સ કોલિન, સ્લોહસીન સોલ્યુસન્સના સિલાસ નિકોલ્સન વગેરે જેવા વક્તાઓ તેમના વિચારો રજૂ કરશે. ઉદ્ઘાટન સમારોહ બાદ ડીએચએફઆઈ કંપનીના ચેરમેન ડૉ. કે.એ. રામકૃષ્ણ ઔદ્યોગિક પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.

ગાંધીનગર જિલ્લામાં આજથી બીજા ચરણના એકતા રથયાત્રાનો ઉનાવા ગામેથી આરંભ

બીજા ચરણમાં એકતા રથ જિલ્લાના ૫૪ ગામો અને ત્રણ નગરપાલિકા વિસ્તારમાં ફરશે

અંગ્રેજો એવું માનતા હતા કે, ભારત દેશના રજવાડા કયારેય એક નહી થઇ શકે અને અખંડ ભારતનું નિર્માણ કાર્ય ઘણું કપરું છે. પરંતુ આ કામને ગુજરાતના સપુત અને લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે પોતાની કોઠા સૂઝ અને અથાગ મહેનત કરીને પાર પાડયું હતું. તેવું આજરોજ ઉનાવા ખાતેથી એકતા રથયાત્રાના બીજા ચરણના રથનું પ્રસ્થાન કરાવતાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.

નવા વર્ષના સર્વે ઉપસ્થિત નાગરિકો અને જિલ્લા વહીવટી તંત્રને નૂતનવર્ષા અભિનંદન પાઠવી મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભારતની આઝાદી અપાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, ડૉ. બાબા સાહેબ આંબેડકર, ભગતસિંહ અને અનેક વીર શહીદોને યાદ કરીને સરદાર વલ્લભભાઇના જીવન કથનની રસપ્રદ વાતો પણ કરી હતી. તેમણે દેશ, રાજય, શહેર અને ગામના વિકાસ માટે એકતાનું વિભાજન ન કરવા અને એક બીજાને પૂરક બનવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું. દેશની આઝાદીના વીર શહીદોએ હમેશા દેશની અખંડિતાને જાળવી રાખવા અને સમાજને જોડવાના ઉમદા કામોની દષ્ટાંતપૂર્વક વાતો કરી હતી. દેશની અખંડિતાના શિલ્પી અને લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલના કામને ઉજાગર કરવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કર્યું છે. સરદાર વલ્લભભાઇ પટેલની એકતાની ભાવનાને ઉજાગર કરવા અને તેમના કાર્યોથી આજની યુવા પેઢી પ્રેરાય તે માટે સમગ્ર રાજયમાં એકતા રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. એકતાનો સંદેશ લઇ રથ આજથી ગાંધીનગરના વિવિધ ગામોમાં જશે. મંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેમ સરદાર સરોવર નર્મદા ડેમથી નજીક નિર્માણ કરવામાં આવ્યું છે. તેની વિસ્તૃત વાત કરીને કહ્યું હતું કે, આજે આ સ્થળ દેશ અને દુનિયાના લોકો માટે એક ટુરિઝમનું સ્થળ બની ગયું છે. જે એકતાનો સંદેશ સમગ્ર વિશ્વને આપશે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં એકતા રથયાત્રાના પ્રથમ ચરણનો આરંભ દહેગામના રખિયાલ ગામ ખાતેથી થયો હતો. પ્રથમ ચરણમાં રથ ૮૦ ગામો, દહેગામ નગરપાલિકા અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ફર્યો હતો. જેનું ૪૬ હજારથી વધુ લોકોએ રથને આવકારવામાં સહભાગી બન્યા હતા. હવે, આજથી બીજા ચરણનો આરંભ થાય છે, જેમાં ૫૪ ગામો અને ત્રણ નગરપાલિકા વિસ્તારને આવરી લેવામાં આવશે.

ગાંધીનગર મણીનગરની બસમાં મહિલાના પર્સમાંથી ગઠીયો ૩૦ હજારની મત્તા સેરવી ગયો

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર એસ ટી ડેપોથી મણિનગરની બસમાંથી એક મહીલના પર્સમાંથી રૂ ૩૦ હજારની મત્તા સેરવી કોઈ ગઠીયો પલાયન થઈ ગયો હોવાની ફરિયાદ સ્થાનિક પોલીસ મથકે નોંધાઈ છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે જાણભેદુ ગઠીયાઓ ગમે ત્યારે હાથફેરો કરી લે છે. એસ ટી ડેપોમાં દિનપ્રતિદિન વધતા આવા બનાવોને અનુલક્ષી ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે પણ અવારનવાર પ્રબળ માંગ કરવામાં આવી છે પરંતુ હજુ સુધી આ મામલે કોઈ આયોજન થતુ નથી. મળતી માહીતી અનુસાર ગત તા ૮ નવેમ્બરના રોજ રાણીપમાં રહેતા હેમાંગીબેન આર્ય કલોલમાં દર્શન માટે મંદિર ગયા હતા જયારે કલોલથી પરત ફરી તેઓ ગાંધીનગર ડેપો આવ્યા હતા. જયાં મણિનગર રૂટની બસમાં બેઠા હતા આ દરમિયાન બસ કંડકટર પાસે ટીકીટ લેવા માટે પર્સ કાઢયુ તો તેમાંથી રોકડ રકમ અને ચેઈન ગાયબ હતો.

આ અંગે તેમણે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. મુસાફરોના ખિસ્સા સલામત નથી આમ છતા પોલીસ ચોકી શરૂ કરવાના મામલે નિરસતા સેવાઈ રહી છે. જેના લીધે મુસાફરોમાં પણ રોષ પ્રવર્તયો છે.

આગામી ૨૭મીથી રાજ્યવ્યાપી શાળા આરોગ્ય તપાસણી અભિયાન

રાજ્યભરના ૦ થી ૧૮ વર્ષની વય સુધીના તમામ વિદ્યાર્થીઓ-બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે : નીતિનભાઇ પટેલ

ગાંધીનગર, તા. ૧૫

નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ૦ થી ૧૮ વર્ષની વય ધરાવતા બાળકોના આરોગ્યની ચિંતા કરીને પ્રતિ વર્ષે રાજ્યભરમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૨૭મી નવેમ્બર ૨૦૧૮થી ૧લી ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ૪૫ દિવસ યોજાનારા આ કાર્યક્રમમાં રાજ્યભરના ૦ થી ૧૮ વર્ષની વય ધરાવતા શાળાએ જતા અને શાળાએ નહી જતા ૧.૫૯ કરોડથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે.

આજે ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની ઉપસ્થિતિમાં યોજાયેલ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની સ્ટીયરીંગ કમિટિની બેઠકને સંબોધતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે કહ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી આ કાર્યક્રમ શરૂ કરાયો છે અને રાજ્ય સરકાર સામે ચાલીને શાળામાં જઈને બાળકોના આરોગ્યની તપાસ કરે છે. જેમાં પ્રાથમિક સારવાર બાદ સ્પેશ્યાલીટી સારવાર પણ વિના મૂલ્યે પૂરી પડાશે તથા ઓપરેશન સહિતનો તમામ ખર્ચ પણ ભારત સરકારના સહયોગથી રાજ્ય સરકાર ઉપાડશે. આ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, સહિત મંત્રી મંડળના સભ્યો, જિલ્લા મથકોએથી કરાવશે. આ કાર્યક્રમ હેઠળ આંગણવાડી, પ્રાથમિક-માધ્યમિક શાળાઓ, આશ્રમશાળાઓ, કસ્તુરબા શાળા, અનાથ આશ્રમ, વિકલાંગ, અંધજન, બહેરામુંગા, ચિલ્ડ્રન હોમ, મદ્રેસા, કેન્દ્રિય વિદ્યાલય સહિતની કુલ ૧,૧૧,૧૪૬ સંસ્થાઓમાં આરોગ્ય તપાસણી કરાશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, આ કાર્યક્રમ હેઠળ ગત વર્ષે ૧,૫૫,૧૪,૮૯૯ બાળકોના આરોગ્યની તપાસ કરીને ૯૯ ટકા સિદ્ધિ હાંસલ કરાઈ હતી. જેમાં ૧૯,૬૧,૮૯૦ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી તથા ૧,૮૪,૧૪૮ બાળકોને સંદર્ભ સેવાનો લાભ અપાયો છે. ૯૯,૨૧૦ બાળકોને વિના મૂલ્યે ચશ્માનું વિતરણ કરાયુ હતું. આ ઉપરાંત ૨૨,૯૩૨ બાળકોને હૃદયરોગ, ૩૫૦૮ બાળકોને કિડનીરોગ, ૧૮૪૩ બાળકોને કેન્સર રોગ, ૬૨૬ ક્લેપ લીપ/પેલેટ, ૫૩૦ ક્લબ ફૂટની સારવાર અપાઈ હતી. જ્યારે ૨૫ બાળકોને કિડનીનું પ્રત્યારોપણ, ૫૦૧ કોકલીયર ઈમ્પલાન્ટ તથા ૨૮ બાળકોના બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટની સંપૂર્ણ સારવાર વિના મૂલ્યે રાજ્ય સરકાર દ્વારા પૂરી પડાઈ હતી.

સાબરમતી જેલમાંથી કુખ્યાત આરોપીઓ પાસે ફોન કબજે

અમદાવાદ,તા. ૧૫

બેંકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરનાર કૌભાંડી ભટનાગર બંધુઓ એવા અમિત અને સુરેશ ભટનાગર, પ્લેન હાઈજેકનો ધમકી ભર્યો પત્ર લખનાર કરોડપતિ વેપારી બિરજુ સલ્લા અને પૂર્વ સાંસદ ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોરસિંહ રાઠોડ રાજ્યની સૌથી સુરક્ષિત એવી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલની એક જ બેરેકમાં બંધ છે. ગઈકાલે તેમની બેરેકમાંથી જેલ ઝડતી સ્કવોડને બે મોબાઈલ ફોન, ચાર્જર, મેમરી કાર્ડ સહિતની વસ્તુઓ મળી આવી હતી. ત્યારબાદ જેલરે રાણીપ પોલીસ સ્ટેશનમાં ચારેય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જો કે, સાબરમતી જેલમાં આ કુખ્યાત અને વગદાર આરોપીઓ પાસેથી મોબાઈલ, સીમકાર્ડ, મેમરી કાર્ડ સહિતની ચીજવસ્તુઓ મળી આવતાં હવે જેલની સુરક્ષા અને સલામતી વ્યવસ્થા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. કારણ કે, એકબાજુ સામાન્ય ગુનાઓમાં જેલમાં કાચા કામના કે પાકા કામના કેદી તરીકે જેલવાસ ગાળી રહેલા કેદીઓના પરિવારજનોને મળવા સુધ્ધાં દેવાતા નહી હોવાની ફરિયાદો અવારનવાર ઉઠવા પામતી હોય છે. એટલું જ નહી, જેલના કેદીઓને બિમારી કે ગંભીર માંદગીના સમયે પણ સમયસર સારવાર મળતી નહી હોવાની અને ઈમરજન્સીના કિસ્સામાં સિવિલ હોસ્પિટલ સહિતની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા નહી હોવાની ફરિયાદો પણ વ્યાપક પ્રમાણમાં ઉઠતી રહે છે ત્યારે આવા કુખ્યાત અને વગદાર આરોપીઓ પૈસાના જોરે જેલની આખી સીસ્ટમ જાણે ખરીદી મોબાઈલ, સીમકાર્ડ અને મનફાવે તેવી સરભરા મેળવી જેલમાં પણ જાણે ઐય્યાશી જીવન ભોગવતા હોવાની ચર્ચાએ હવે જોર પકડયું છે. કારણ કે,સાબરમતી સેન્ટ્રલ જેલના સિનિયર જેલરની આગેવાનીમાં ગઈકાલે સાંજે નવી જેલમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. કરોડો રૂપિયાનું બેંક કૌભાંડ આચરનાર વડોદરાના સુરેશ ભટનાગર અને અમિત ભટનાગર, પ્લેન હાઈજેકનો ધમકી ભર્યો પત્ર લખનાર કરોડપતિ વેપારી બિરજુ સલ્લા અને પૂર્વ સાંસદ ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોર સિંહ રાઠોડને સાબરમતી જેલમાં એક જ બેરેકમાં રાખવામાં આવ્યા છે.

ભટનાગર બંધુ, પ્લેન હાઇજેકના આરોપી બીરજુ સલ્લા, મેફેડ્રીન ડ્રગ્સ આરોપી પાસે મોબાઇલ ફોન કબજે કરાયા

બેરેકની તપાસ કરતા માતાજીના ફોટા નીચે ખૂણામાં દીવાલની અંદરથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ મોબાઈલ ફોન ઉપરાંત એક ચાર્જર, ચાર સીમકાર્ડ અને એક મેમરી કાર્ડ પણ મળી આવ્યું હતું. પોલીસે મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ કબ્જે કરી હતી.

જાહેર સુચના

આથી જાહેર કરવામાં આવે છે કે ગુજરાત ના સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી દ્વારા ૧૪/૦૯/૨૦૦૬ ના પર્યાવરણ સમિક્ષા અધિનિયમ અંતર્ગત કેટેગરી ૮(એ) માં આવરી લેવાયેલ નીશીથ એસ. દેસાઈ ને એફ.પી. ૧૧૦, Hrudhyam Complex, કુડાસણ, ગાંધીનગર, મુકામે "Hrudhyam Complex"ના બાંધકામ પ્રોજેક્ટની પર્યાવરણ મંજુરી મળેલ છે.

અમોને તા. ૩૦ ઓક્ટોમ્બર ૨૦૧૮ના રોજ જારી કરવામાં આવેલ પર્યાવારણ મંજુરી સર્ટીફીકેટ પત્ર ક્રમાંક SEIAA/ GUJ/EC /8(a) / 1186/2018 ની નકલ અમારી પાસે, તથા સ્ટેટ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટીની વેબસાઈટ www.seiaa.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

તા : ૧૫/૧૦/૨૦૧૮ નામ : નીશીથ એસ. દેસાઈ
સ્થળ : અમદાવાદ હોદો : માલીક